અપીલ અરજી નં.૨૨૧ તા.૧૨–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હંસાબેન શાંતિલાલ રાણા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હંસાબેન શાંતિલાલ રાણાની તા.૧૨–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) શહેર સુરતનાં ગલેમંડી,કડીયાશેરી,રામજી મંદિરની ગલીમાં આવેલ વોડ નં. ૭,નોંધ નં.૪૪૮૪( જેને સરળતા ખાતર હવે પછી સદરહું મિલ્કતથી સંબોધેલ છે) થી નોંધાયેલ મિલ્કત ઉપર કઈ સાલમાં નવું બાંધકામ કરવામાં આવ્યું તેની માહિતી મુદ્દા નં.(૨) સદરહું મિલ્કતનાં બાંધકામનો પ્લાન અને પરમીશન કયા આર્કિટેક ધ્વારા માંગવામાં આવેલ છે તેનું નામ,સરનામું અને લાયકાત તેની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૧૮) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૧/૨૦૧૧–૧૨

શ્રી હંસાબેન શાંતિલાલ રાણાની તા.૧૨–૭–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) શહેર સુરતનાં ગલેમંડી ,કડીયાશેરી,રામજી મંદિરની ગલીમાં આવેલ વોર્ડ નં. ૭,નોંધ નં.૪૪૯૪( જેને સરળતા ખાતર હવે પછી સદરહું મિલ્કતથી સંબોધેલ છે) થી નોંધાયેલ મિલ્કત ઉપર કઈ સાલમાં નવું બાંધકામ કરવામાં આવ્યું તેની માહિતી મુદ્દા નં.(૨) સદરહું મિલ્કતનાં બાંધકામનો પ્લાન અને પરમીશન કયા આર્કિટેક ધ્વારા માંગવામાં આવેલ છે તેનું નામ,સરનામું અને લાયકાત તેની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૧૮) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા સાથે બાબત હેઠળની મિલ્કત અંગે દફતરી હકીકતની વિગત–નકલ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૨ તા.૨૪–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ બાદ કોઈ માહિતી મળેલ હોય તો મળ્યા બાદ નારાજગી અંગેની વિગતો આધાર સહ મોકલવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૯૧૯ તા.૨–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૯૦ તા.૨૯–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૨–૭–૧૧ ની અરજીથી ગલેમંડી કડીયાશેરી રામજી મંદિરની ગલીમાં આવેલ વોર્ડ નં.૭ નોંધ નં.૪૪૯૪ ની મિલ્કતના બાંધકામ બાબતે મુદ્દા નં. ૧ થી ૧૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે સમય મર્યાદામાં માહિતી મળેલ ન હોવાનું જણાવી તા.૧૨–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને માહિતી મળ્યા બાદ અપીલના આધારો રજૂ કરવાનું જણાવવામાં આવેલ. જે અંગે અત્રેથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૨ તા.૨૪–૮–૧૧ થી માહિતી મળ્યા બાદ નારાજગી અને આધાર જણાવવા જણાવેલ. પરંતુ અરજદારે અપીલ તબકકે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૯૦ તા.૨૯–૮–૧૧ થી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ . તેમ છતાં અરજદાર તરફથી અપીલ તબકકે નારાજગી કે અપીલના આધારો રજૂ કરવામાં આવેલ નથી. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) શહેર સુરતનાં ગલેમંડી,કડીયાશેરી,રામજી મંદિરની ગલીમાં આવેલ વોર્ડ નં. ૭,નોંધ નં.૪૪૯૪( જેને સરળતા ખાતર હવે પછી સદરહું મિલ્કતથી સંબોધેલ છે) થી નોંધાયેલ મિલ્કત ઉપર કઈ સાલમાં નવું બાંધકામ કરવામાં આવ્યું તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ વિગત જણાતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સદરહું મિલ્કતનાં બાંધકામનો પ્લાન અને પરમીશન કયા આર્કિટેક ધ્વારા માંગવામાં આવેલ છે તેનું નામ,સરનામું અને લાયકાત તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતનો પ્લાન અને પરમીશન શ્રી શશીકાંત કાપડીયા ધ્વારા માંગવામાં આવેલ. જેનું સરનામું બી–૨, ગોદાવરી ફલેટ, સ્નેહ સંકુલ વાડીની પાછળ, આનંદ મહલ રોડ, સુરત છે. જેમની લાયકાત બાબતે ઉપલબ્ધ રેકર્ડ પર કોઈ માહિતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સદરહુ મિલ્કતનો બાંધકામ પ્લાન કેટલીવાર રીવાઈઝડ થયો છે અંતિમ પ્લાનની સર્ટીફાઈડ નકલ સહિતની તમામ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ સદરહુ મિલ્કતના બાંધકામ માટે કઈ તારીખે અને કયા નંબરથી રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે તેની માહિતી અને રજાચિઠ્ઠીની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.૫ સદરહુ મિલ્કત બાંધકામ દરમ્યાન કયા મ્યુ. અધિકારી સ્થળ વીઝીટ ઉપર જતા હતાં તેમનું નામ, હોદ્દો અને સંપર્કની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલ્કતના બાંધકામ દરમ્યાન નીચે મુજબના કર્મચારીઓ વીઝીટ પર જતા હતાં જુ.ઈજનેર એચ.એમ. પટેલ, ડી.બી.દેસાઈ, ડી.એસ. મહેતા ડે.ઈજનેર આર.સી. પટેલ , જે.એ. વ્યાસ કાર્યપાલક ઈજનેર એન. કે. પરમાર તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ મુદ્દા નં.૫ ના અનુસંધાનમાં કેટલીવાર સ્થળ વીઝીટ બાદ વીઝીટ પર જનાર અધિકારીનો વીઝીટ બાદ રીપોર્ટની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ સદરહુ મિલ્કતનું બાંધકામ મંજુર પ્લાન અને રજાચિઠ્ઠી શરતો મુજબ થઈ રહયું છે કે કેમ? તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં સદર મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે મનાઈ હુકમ તથા શોકોઝ નોટીસ આપેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ સદરહુ મિલ્કતના બાંધકામ દરમ્યાન કોઈ અનિયમિતતા કે ગેરકાયદેસર બાંધકામ થયું હોય તો તેની સંપૂર્ણ માહિતી અને તે સંબધમાં મ્યુ. અધિકારીએ આપેલ નોટીસ, રીપોર્ટની સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે કાર્યપાલક ઈજનેર ધ્વારા મનાઈ હુકમ તથા શોકોઝ નોટીસ આપવામાં આવેલ છે જેની નકલના નકલદીઠ રૂા.૨/– લેખે રૂા.૪/– પાના ના રૂા.૮/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ સદરહુ મિલ્કત કેટલા માળની મંજુરી અપાયેલ છે અને સ્થળ ઉપર કેટલા માળ છે અને તેની રેકર્ડ મુજબની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં સેન્ટ્રલઝોનમાં રજૂ કરેલ પ્લાન મંજુર ગ્રા.ફલોર (પાર્કીગ) વત્તા ત્રણ માળ રજૂ કરેલ છે અને સ્થળ પર હાલમાં ગ્રા.ફલોર વત્તા ત્રણ માળ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ સદરહુ મિલ્કત બાંધકામ બાદ એસ.એમ.સી ધ્વારા આપવામાં આવેલ બીયુસીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૧ સદરહુ મિલ્કત ઉપર કયા હેતુ (રેસીડેન્સીયલ/કોમર્શીયલ) એપાર્ટ./ખાનગી મિલ્કત/અન્ય) માટે બાંધકામની મંજુરી આપવામાં આવી છે તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રજૂ કરેલ પ્લાન મુજબ રેસીડન્સીયલ પ્રકારના બાંધકામની મંજુરી માંગવામાં આવેલ. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૨ સદરહુ મિલ્કતનું બાંધકામ પૂર્ણ થયા બાદ એસએમસી ધ્વારા કેટલી વખત અને કયા કારણોસર તોડી પાડવામાં આવેલ છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલ્કતનું ગેરકાયદેસર બાંધકામ તા.૨૧–૧૨–૧૦ ના રોજ તોડી પાડવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૩ સદરહુ મિલ્કતના બાંધકામ પૂર્ણ થયા બાદ આર્કીટેકટ ધ્વારા બાંધકામ કાયદેસરરીતે પૂર્ણ થયા મતલબનું સર્ટીફીકેટ જો રજૂ કર્યુ હોય તો તેની માહિતી અને સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે.મુદ્દા નં.૧૪ જો સ્થળ પર બાંધકામ દરમ્યાન મંજુર પ્લાનથી વિપરીત બાંધકામ થયા હોય તો એસએમસી કયા પગલા લઈ શકે તેની માહિતી અને સર્ટીફાઈડ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બીપીએમસી એકટ–૧૯૪૯ કલમના પ્રકરણ –૧૨ નિયમ–૬ મુજબ અને કલમ–૨૬૭ ના સબસેકશન ૧ મુજબ પગલા લઈ શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૫ સદરહુ મિલ્કતના બાંધકામ નિયમસર અને મંજુર પ્લાન પ્રમાણે રજાચિઠ્ઠીની જોગવાઈ મુજબ ચાલે છે તે બાબતે એસએમસીના કયા કયા અધિકારીઓની જવાબદારીઓ આવે છે તે તમામના નામ હોદ્દા અને સંપર્ક સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલ્કતનું બાંધકામ નીચે જણાવ્યા મુજબનાં અધિકારીઓની ફરજ દરમ્યાન થયેલ છે. જુ.ઈજનેર –એચ.એમ. પટેલ, ડી.બી. દેસાઈ, ડી.એસ. મહેતા ડે.ઈજનેર આર.સી.પટેલ, જે.એ. વ્યાસ કાર્યપાલક ઈજનેર –એન કે. પરમાર. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૬ જો સ્થળ ઉપર બાંધકામ દરમ્યાન મંજુર પ્લાનથી વિપરીત બાંધકામ થયા હોય તો જે તે અધિકારીએ પગલા ન ન લીધા હોય તો આવા અધિકારીની ફરીયાદ કયા કાયદા હેઠળ કયા અધિકારીને થઈ શકે તેમના નામ હોદ્દા સંપર્ક સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જે તે અધિકારીના ફરીયાદ કાર્યપાલક ઈજનેર અને તેથી ઉપરના અધિકારીને શકી શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૭ જો સ્થળ ઉપર બાંધકામ દરમ્યાન મંજુર પ્લાનથી વિપરીત બાધંકામ થયું હોય તો જે તે આર્કીટેકટ સામે એસએમસી કયા પગલા લઈ શકે? તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બીપીએમસી એકટની કલમ–૩૮૬ મુજબ પગલાં લઈ શકાય. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૮ સદરહુ મિલ્કતના બાંધકામ બાદ જો આર્કીટેકટ સામે કોઈ કાર્યવાહી કરી હોય તો તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે સમય મર્યાદામાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૧ થી ૧૮ ની માહિતી સમય અવધિ બાદ પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે માહિતી મળ્યા બાદ અરજદારને અપીલ તબકકે તેની નારાજગી અને આધાર રજૂ કરવા જણાવેલ તેમ છતાં તેમના તરફથી અપીલ તબકકે તેવી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. તેમ છતાં જે અંગે અરજદારને સમય અવધિ બાદ લખાયેલ પત્રમાં મુદ્દા નં.૮ અંગે નાણા ભરી માહિતી આપવા જણાવેલ છે. જે સમય અવધિ બાદ પત્ર લખાયેલ હોય માહિતી વિના મૂલ્યે પૂરી પાડવાની રહે. સાથે મુદ્દા નં.૫ ની આપેલ માહિતી ધ્યાને લેતાં વીઝીટ લીધેલ અધિકારીઓની મુલાકાત નોંધ કે રીપોર્ટ ડાયરીમાં પણ હોવાનું અનુમાનિત હોઈ તેવી માહિતી આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૯–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ અપીલ તબકકે અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારને સમય અવધિ બાદ લખાયેલ પત્રમાં મુદ્દા નં.૮ અંગે નાણા ભરી માહિતી આપવા જણાવેલ છે તથા મુદ્દા નં.૬ ની માહિતી મુદ્દા નં.૫ ની વિગત ધ્યાને લેતાં દફતરે હોવાનું માનવાને કારણ હોઈ મુદ્દા નં.૬ ની પણ દફતરી માહિતી જે સમય અવધિ બાદ પત્ર લખાયેલ હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામા આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હંસાબેન શાંતિલાલ રાણા,